# એકાકાર

અંડ ને આકાર એકાકાર છે.
ભીતરી ધબકાર એકાકાર છે.

નાદ આઠેપ્હોર અંદર ગુંજશે,
રોમેરોમે તાર એકાકાર છે.

એક ભગવી ભાવભીની આંખમાં,
વ્હાલનો વિસ્તાર એકાકાર છે.

દશ્યનો દીવો બુઝાયો આખરે,
આભ ને અંધાર એકાકાર છે.

કૈંક ઇચ્છાના ઊછળતા ઓઘમાં,
આ સકળ સંસાર એકાકાર છે.

પંથ પળભરમાં કપાતો જાય છે,
અશ્વમાં અસવાર એકાકાર છે.

શબ્દના સોનેમઢેલા દેહમાં,
અર્થ અપરંપાર એકાકાર છે.

# સંતો

ફક્ત સંકેતથી સઘળું સદા કહી જાય છે સંતો.
નર્યા અખબાર માફક ક્યાં કદી વંચાય છે સંતો?

સમજવા હોય તો પકડો તણખલું સ્હેજ શ્રદ્ધાનું,
નરી-નકરી સમજથી એમ ક્યાં સમજાય છે સંતો?

નથી સોનેમઢેલા મ્હેલમાં એ કેદ કંઈ થાતા,
સૂતરના એક કાચા તાંતણે બંધાય છે સંતો.

જગત આખુંય જાણે બાથમાં લેતા હતા હમણાં,
અચાનક સાતમે પાતાળ જઈ સંતાય છે સંતો.

હસે-બોલે બધાં સાથે બધાંની જેમ પણ અંતે-
બધાંથી કોઈ જુદા મારગે ફંટાય છે સંતો.

ભલે આઠે દિશામાં રાત-દિ' તલવાર વિંઝાતી,
સકળ સંસાર વચ્ચે વ્હાલ થઈ વ્હેંચાય છે સંતો.

## ખજાના ખોલતા સંતો

અચાનક આંગણે આવી ખજાના ખોલતા સંતો.
બધાંના દ્વાર ખખડાવી ખજાના ખોલતા સંતો.

નરી આંખે કશુંયે ક્યાં અહીં દેખાય છે ક્યાંયે?
અગોચર હાથ લંબાવી ખજાના ખોલતા સંતો.

ઘણી વેળા કશું બોલ્યા વિના સંકેતથી કેવળ
રહસ્યો કૈંક સમજાવી ખજાના ખોલતા સંતો.

કદી હળવેકથી લઈ ગોદમાં એ હેત વરસાવે,
કદી ધબકાર થંભાવી ખજાના ખોલતા સંતો.

પ્રથમ પોતે જ ઝાલી હાથ એ લઈ જાય છે સાથે,
પછી મઝધાર ડુબાવી ખજાના ખોલતા સંતો.

# એ જ સંત છે સાચા

સમજણનો દીવો પેટાવે, એ જ સંત છે સાચા.
અંદર અજવાળું ફેલાવે, એ જ સંત છે સાચા.

કંઠી બાંધી બાંધે નહીં કેવળ પોતાના ખીલે,
મુક્તિનું તોરણ બંધાવે, એ જ સંત છે સાચા.

દૂર રહીને દેખી જાણે સૌની સઘળી પીડા,
હાથ અગોચર જે લંબાવે, એ જ સંત છે સાચા.

કોઈ ભલેને કાંટા ભોંકે, કોઈ ઉગામે પથ્થર,
સૌને મારગ ફૂલ બિછાવે, એ જ સંત છે સાચા.

વેશ-વરણના વર્તુળમાં ના કેદ કદીયે થાતા,
અણિયાળા કૈં ભેદ ભુલાવે, એ જ સંત છે સાચા.

ભીનપવરણી આંખો બનતી શાતાનું સરનામું,
રણમાં પણ વાદળ વરસાવે, એ જ સંત છે સાચા.

બે'ક શબદ ઉચ્ચારી ચારે વેદ ઉઘાડી જાણે,
સંકેતોથી જે સમજાવે, એ જ સંત છે સાચા.*

---

■ શ્રદ્ધેય સંત મોરારિબાપુને અર્પણ

# એકાદા સાધુને કારણે

અધરાતે સૂરજનાં કિરણો રેલાય છે એકાદા સાધુને કારણે.
અંદરના ઓરડામાં અજવાળું થાય છે એકાદા સાધુને કારણે.

ઊંડી ને અઘરીયે ભાષા સમજાય છે એકાદા સાધુને કારણે.
સમજણનું કોરું એ પાનું વંચાય છે એકાદા સાધુને કારણે.

તડકાનાં તીર સાવ બુઠ્ઠાં થઈ જાય છે એકાદા સાધુને કારણે.
વૈશાખી બપ્પોરે લીલપ લહેરાય છે એકાદા સાધુને કારણે.

ઉઘાડા આકાશે વાદળ બંધાય છે એકાદા સાધુને કારણે.
બળબળતું રણ આખેઆખું ભીંજાય છે એકાદા સાધુને કારણે.

પાણીનું પોત હવે પળમાં પરખાય છે એકાદા સાધુને કારણે.
પોકળ પરપોટાઓ મનમાં મુંઝાય છે એકાદા સાધુને કારણે..

જીવતરના ચરખામાં ઝીણું કંતાય છે એકાદા સાધુને કારણે.
શ્વાસોનું વસ્તર પણ ભગવું રંગાય છે એકાદા સાધુને કારણે.

ભવભવનો ભાર સાવ ઓગળતો જાય છે એકાદા સાધુને કારણે.
ટચલી આંગળીએથી પર્વત ઊંચકાય છે એકાદા સાધુને કારણે.